

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સાપ ગયા દિલ્હી એના લિસોટામાં ફસાઈ ગયા!*
*ઉત્સવો અને મેળામાં ખાલી-ખોટા ફસાઈ ગયા!*
*હસાઈ ગયા કુંભાર પેંગડામાં પગ નાખી ને -*
*મળતર વિનાની મજૂરીથી એ શોષાઈ ગયા!)*
*(પૂરાયા પરંપરાની કેદમાં)*

### હાઈકુ

*પકડ્યું નાક!*
*હવે છોડાય કેમ?!*
*રડે શરમ!*

*ઘર બાળીને -*
*પરિશ્રમના તેલે -*
*કરો રોશની...*

### ચિંતન

**કબીર! ધીરજ કો ધરે, હસ્તી સવા મન ખાય,**
**એક ટુકડે કારને, શ્વાસ ધરોધર જાય.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

અહીંયા કબીર ધૈર્યનો મહિમા સમજાવતા કહે છે કે, મૃત્યલોકના માનવીઓ ઉદ્યમ અને વેપાર ધંધો કરે છે, એ માટે તેઓ મહેનત કરે છે તેનું ફળ મેળવવામાં તેઓ જરા પણ ધીરજ રાખી શકતાં નથી. આવા લોકોને કબીર કહે છે કે હે ભાઈઓ! ઉદ્યમ તો કરજો પણ મહેનતના ફળ માટે ચિંતા કરશો નહિ. મનમાં ધીરજ રાખજો. તમારો સમય થશે તમારી મહેનતનું ફળ તમને મળી જ રહેશે.

તેઓ કહે છે હાથીને સવા મણ અનાજ જોઈએ છે, તે તેની જગ્યાએ જ તેની જરૂરત પ્રમાણે મળી રહે છે. તે માટે તેને ક્યાંક જવાની જરૂર નથી, પણ કૂતરામાં ધીરજ નથી કે વિશ્વાસ નથી તેનું પેટ તો રોટલીના ટુકડાઓથી ભરાય છે પણ ધીરજ ના અભાવે હડધૂત થઈ તે ઘેર ઘેર ભટકતો ફરે છે.

### સુવિચાર

- જ્ઞાનને ગર્વ હોય છે કે હું કેટલું બધું જાણું છું, ડહાપણ વિનમ્ર હોય છે કે હજી કેટલું બધું જાણવાનું બાકી છે - **વિલિયમ કૂપર**
- જીતો અક્રોધથી ક્રોધને, સાધુતાથી અસાધુતાને, દાનથી કંજૂસાઈને અને સત્યથી અસત્યને - **મહાભારત**
- ઈશ્વર એક જ એ સત્યમાં અને ભલાઈમાં વિશ્વાસ રાખવો અને ભલાં કામો કરવા એ જ સ્વર્ગની કૂંચી છે - **હ. મહંમદ પયગંબર સાહેબ**
- દેડકાંની દૃષ્ટિએ પ્રકૃતિ જેવી દેખાય છે તેવું તેનું વર્ણન કરવાની કળા તેનું નામ વાસ્તવવાદ - **હેન્રી વોર્ડ**
- જેટલો વ્યવહાર આદર્શ થતો જાય, તેટલી સમાધિ વધતી જાય - **દાદા ભગવાન**
- સર્વપ્રકારના ભાવો ઉત્પન્ન થાય એવું આ જગત છે, એમાં દેહનિંદ્રા આવશે તો ચાલશે પણ ભાવનિંદ્રા ના આવવી જોઈએ - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : કોબીજનો રસ પાલકના રસ સાથે મિક્સ કરી પીવાથી કબજિયાતમાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક વેપારી હતો એને એક દીકરો હતો. દીકરામાં ઝાઝી અક્કલ નહોતી. ઉંમર થઈ એટલે વેપારી મૃત્યુ પામ્યો. છોકરો દુકાને બેસવા લાગ્યો. દીકરામાં ઝાઝી સમજ ન હોવાથી તેણે દુકાનની દેખભાળ માટે એક મુનીમ નોકરીએ રાખ્યો. છોકરામાં અક્કલ ઓછી એટલે મુનીમ એને ધમકી આપતો, કે હું નોકરી છોડીને ચાલ્યો જઈશ. એટલે છોકરો વધારે ગભરાતો. એને થતું કે જો આ મુનીમ નહીં હોય તો દુકાન બંધ થઈ જશે. એટલે છોકરો માલિક ખરો પણ નામનો. વાસ્તવમાં મુનિમ જ માલિક હતો. જૂના જમાનામાં રાજા-રજવાડાના કાળમાં એ આમ જ થતું.જો રાજા બુદ્ધિશાળી હોય તો રાજય સારી રીતે ચાલતું અને રાજા મુરખ હોય તો એનો મંત્રી માલિક બની બેસતો. એમ જો લોકો મૂરખા હોય છે, તો જેમને નોકરી રાખે છે તેઓ જ માલિક બની બેસે છે. મુખ્યમંત્રી કોણ હશે ? તે હશે આપનો મુખ્ય સેવક. એમ જ બાકીના બીજા બધાય વહીવટ કરનારા આપણા સેવકો જ છે, પણ આજે લોકો પોતાના સેવકના સેવકના સેવકથી યાને સિપાઈથી પણ ડરે છે. જો કે કાનૂન અનુસાર તો તમે માલિક છો - મહારાજા છો.

# બદલાઈ રહેલા સમયના સંકેતો

**તંત્રીસ્થાનેથી...**

૨૦૧૯નું વર્ષ દેશ માટે સીમાચિહ્નરૂપ બની શકે એમ છે. પાંચ વર્ષ અગાઉ જે રાજકીય પરિસ્થિતિ પ્રવર્તી રહી હતી તે ધરમૂળથી બદલાઈ ચૂકી છે. હવે ખુદ શાસક પક્ષ પણસમજે છે કે એને તળભૂમિના યથાર્થને અનુરૂપ પોતાની બાજી ગોઠવવી પડશે. પ્રિયંકા ગાંધીના પ્રવેશ પછી માત્ર ઉત્તરપ્રદેશમાં જ નહીં બલકે દેશભરમાં કોંગ્રેસી વર્તુળોમાં નવા તારણહારનો ઉદય થયો હોય એવી આશાની લહેર પ્રસરી ગઈ છે. જો કે પક્ષ પ્રમુખ રાહુલ ગાંધીએ સુંદર મુખાકૃતિ અને મોહક સ્મિત ધરાવતી ભગિનીને ઉત્તર પ્રદેશના પૂર્વાંચલ પૂરતો લિમિટેડ રોલ આપ્યો છે. સપા-બસપા અને ભાજ વચ્ચેની લડાઈ હવે વાસ્તવિક અર્થમાં ત્રિપક્ષી બની જશે અને એથી કોને કેટલો ફાયદો કે કેટલું નુકશાન થશે એની પળોજણમાં પડ્યાવ વિના નોંધપાત્ર સુધારો થશે. 'ક્રાઉડપુલર' તરીકે પ્રિયંકા કોંગ્રેસના સ્ટાર પ્રચારક બની શકે એમ છે. પોતાના પિતાની હત્યા કરનારી નલિનીને માફ કરી શકનાર પ્રિયંકાનું વ્યક્તિત્વ જનસમુદાય માટે આકર્ષણ અને આદરનું મોજું સર્જી શકે છે. વળી મહાગઠબંધનના નેતાઓ રાહુલને સાઈડ લાઈન કરી દઈ જાતે જ ભાવિ વડાપ્રધાન પદનાં સપનાં જોવા લાગેલા એ બધાને પણ ઈશારામાં જવાબ મળી જશે. એમને અંદાજ આવી જશે કે રાહુલ એટલી સહેલાઈથી મેદાન નહીં છોડી દે. એ પાર્ટીની બેઠકોની સંખ્યા બતાવીને પોતાનો હક્કદાવો રજૂ કરતાં નહીં અચકાય. જોકે કર્ણાટકની જેમ મજબૂરી ઊભી થતાં કોંગ્રેસ ગઠબંધનના કોઈ સિનિયર નેતાને જરૂર સ્વીકારી શકે. એવા નેતાઓમાં કોંગ્રેસને સતત ભાંડતાં રહેતા માયાવતી કે ઉગ્ર પ્રકૃતિ ધરાવતાં જૂના કોંગ્રેસી અને બંગાળના વાઘણ તરીકેની ઓળખ ધરાવતાં મમતા બેનરજી કરતાં સૌમ્ય પ્રકૃતિના મરાઠા નેતા શરદ પવારને કોંગ્રેસનું સમર્થન મળવાની શક્યતા વધી જશે. ગુજરાતમાં શરદ પવારનું ઝાઝું વજૂદ નહીં હોવા છતાં પૂરવ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીમાં જોડાવાની તૈયારી કરી રહ્યા હોય તો એનું કારણ પણ શરદ પવાર સંભવિત વડાપ્રધાન બની શકે એવું ગણિત જ હોઈ શકે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આગામી ચૂંટણી કપડાં ચઢાણ સાબિત થઈ શકે એમ છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પાર્ટી માટે અસ્કામતને બદલે જવાબદારી સમાન બની રહ્યા છે. છેલ્લે તો રામમંદિર મુદ્દે એમણે સર્વોચ્ચ અદાલતને પણ પડકારવાની હિંમત કરી દીધી. 'અદાલત ઉકેલ ન લાવી શકતી હોય તો આ મામલો અમને સોંપે - અમે ઉકેલ લાવવામાં પચીસમો કલાક નહીં થવા દઈએ.' એ મતલબનું નિવેદન સૂચક છે. રામજન્મભૂમિ મુદ્દો પુનર્જીવિત કરી એના નામે ફરી એક વાર હિંદુત્વનું વાવાઝોડું સર્જવાની એમની ચાલ કેટલી સફળ થઈ શકશે તે કહેવું અઘરું છે. શરદ પવારને ગર્ભિત રીતે પણ ભાવિ વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરવામાં આવે તો એનડીએના સૌથી જૂના અને પ્રખર હિંદુત્વવાદી સહયોગી પક્ષ - શિવસેનાનું સમર્થન પણ ભાજપને મળશે કે કેમ તે પ્રશ્ન છે. વિવિધ પ્રકારની ઘટનાઓ હજી પાઈપલાઈનમાં છે. બદલાયેલો સમય કોના પર કળશ ઢોળશે તે જોવું રસપ્રદ બની રહેશે.

# કલમ-૧૪૩ મુજબ સલાહકાર કે વિચાર વિનિમયની ભારતીય બંધારણમાં રાષ્ટ્રપતિને સત્તા છે



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

રાષ્ટ્રપતિને કોઈ સમયે એમ જણાય કે કાયદો અને હક્કિતો પ્રશ્ન ઉપસ્થિત થયો છે જે જાહેર અને મહત્વનો હોય તે અંગે સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય મેળવવો ઈષ્ટ છે તો તે ન્યાયાલયને પ્રશ્ન વિચારણા માટે મોકલી શકે છે અને ન્યાયાલય પોતાને ઉચિત લાગે તેવી સુનવણી કર્યા બાદ રાષ્ટ્રપતિ તેના ઉપર પોતાનો વિચાર અભિપ્રાય જણાવી શકશે.

સલાહકાર અથવા વિચાર વિનિમય માટેની હકુમત ભારતીય બંધારણની કલમ ૧૪૩ મુજબ રાષ્ટ્રપતિને આપવામાં આવી છે. આ હકુમત મુજબ દેશની સર્વોચ્ચ અદાલત પોતાની સમક્ષ મુકવામાં આવેલ મુદ્દા બાબતે અભિપ્રાય આપી શકે છે.

કલમ ૧૪૩ માં સ્ટ્ઠઅ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે એટલે કે સર્વોચ્ચ અદાલત માટે આ અભિપ્રાય આપવો ફરજીયાત નથી, સર્વોચ્ચ અદાલત પોતાને યોગ્ય લાગે તે પ્રર્યાપ્ત કારણોસર અભિપ્રાય આપવાનો ઈન્કાર કરી શકે છે. રામજન્મ ભુમિ બાબરી વિવાદમાં કલમ ૧૪૩ મુજબ અભિપ્રાય આપવાનું જણાવતા સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ ના પાડી હતી.

જે કિસ્સામાં સર્વોચ્ચ અદાલતમાં રજુ કરાયેલા પ્રશ્ન સામાજીક, આર્થીક કે રાજકિય સ્વરૂપના હોય અને તેનું બંધારણીય મહત્વ ન હોય તેમજ જે બાબત અનુમાન કે ધાણા ઉપર આધારીત હોય તે બાબતમાં સર્વોચ્ચ અદાલત અભિપ્રાય આપવાનો ઈન્કાર કરી શકે છે.

આ જોગવાઈ મુજબ ભારતના રાષ્ટ્રપતિને લાગે કે કાયદાનો કે હક્કિતનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે થવાની સંભાવના છે અને આ પ્રશ્ન જાહેર અગત્યતા ધરાવે છે તો તે પ્રશ્ને અભિપ્રાય મેળવવા સર્વોચ્ચ અદાલતને રાષ્ટ્રપતિ પ્રશ્ન મોકલી શકે છે જેની શરતો પૂર્ણ થવી જરૂરી છે.

રાષ્ટ્રપતિને સંતોષ થવો જોઈએ કે કાયદા કે હક્કિતનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે થવાનો છે. આ પ્રશ્ન જાહેર અગત્યતા ધરાવતો હોવો જોઈએ તેના ઉપર સર્વોચ્ચ અભિપ્રાય મેળવવાનું જરૂરી છે તેમ રાષ્ટ્રપતિને સંતોષ થવો જોઈએ.

આ જોગવાઈ પૂર્વ ફેડરલ કોર્ટને પણ ગર્વમેન્ટ ઈન્ડીયા એકટ ૧૯૩૫ ની કલમ ૨૧૩ મુજબ આ પ્રકારની હકુમત હતી પરંતુ સંવિધાનની વિદ્યમાન જોગવાઈ અને ફેડરલ કોર્ટની હકુમત વચ્ચે બે મહત્વના તફાવત છે (૧) ફેડરલ કોર્ટને અભિપ્રાય મેળવવાનો પ્રશ્ન મોકલવાની સત્તા ગર્વનર જનરલની હતી જે વિદ્યમાન સંવિધાન મુજબ રાષ્ટ્રપતિને છે (૨) ફેડરલ કોર્ટને માત્ર કાયદાના મુદ્દાને સ્પર્શતો પ્રશ્ન જ અભિપ્રાય માટે મોકલી શકાતો હતો. જયારે સર્વોચ્ચ અદાલતની હકુમત કાયદા અને હક્કિતના પ્રશ્ન બન્ને પરત્વે અભિપ્રાય આપવાનો છે.

સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય મેળવવાની જોગવાઈ સામે એક દલીલ એવી પણ કરવામાં આવે છે કે, વાસ્તવિક કેસની અનઉપસ્થિતિમાં માત્ર અનુમાન અને કાલ્પનીક પ્રશ્નો ઉપર સર્વોચ્ચ અદાલતને અભિપ્રાય આપવાનું કહેવું યોગ્ય નથી.

ત્રીજી તરફ સર્વોચ્ચ અદાલતની સલાહકારી હકુમત લાભદાયી હોવાની પણ દલીલ કરવામાં આવે છે જેનો મુખ્ય મુદ્દો એ છે કે કોઈપણ કાયદો અમલમાં આવે તે પહેલા જ તેની બંધારણીયતા અને કાનૂની બન્ને બાબત ઉપર સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય મેળવવામાં આવે તો તેનાથી રહેલી કાયદાકિય ક્ષતિમાં સુધારો થઈ શકે છે.

અત્યાર સુધીમાં બંધારણની કલમ ૧૪૩(૧) મુજબ સર્વોચ્ચ અદાલતને ધી દિલ્હી લોઝ એકટ, ધી બેહબારી, ધી કેશવ સિંઘ કેસ, પ્રેસીડેન્સીયલ પોલ, ધી સ્પેશ્યલ કોર્ટ બીલ, ધી એપોઈન્ટમેન્ટ ઓફ જજીસ એન્ડ ટ્રાન્સફર, કાવેરી વોટર ડિસ્પ્યુટ ટ્રીબ્યુનલ વિગેરે કેસોમાં સર્વોચ્ચ અદાલતના અભિપ્રાય માટે રાષ્ટ્રપતિએ બંધારણીય જોગવાઈઓ મુજબ અભિપ્રાય મેળવવા મોકલી આપેલ જેમાં સર્વોચ્ચ અદાલતે પોતાના અભિપ્રાય આપેલ છે.

કલમ ૧૪૩(૧) મુજબ સર્વોચ્ચ અદાલત સમક્ષ રજીસ્ટ્રાર તરફથી અભિપ્રાય માટે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે સર્વોચ્ચ અદાલત ભારતના એર્ટની જનરલને હાજર રહેવા નોટીસ પાઠવી સુનવણી મુક્કરણ કરે છે. આ ઉપરાંત હિત ધરાવતા પક્ષકારોને પણ હાજર રહેવા જણાવે છે. કલમ ૧૪૩(૧) મુજબ સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય વજનદાર છે પરંતુ રાષ્ટ્રપતિ માટે એ ફરજીયાત નથી પરંતુ રાષ્ટ્રપતિએ કરેલા રેફરન્સ પરના સર્વોચ્ચ અદાલતના તમામ અભિપ્રાયોને આજદિન સુધી સરકારે સ્વીકાર કરેલ છે. સર્વોચ્ચ અદાલત અભિપ્રાય આપવાનું ટાળે તેમાં પણ કારણો દર્શાવવા જોઈએ પરંતુ આર્ટીકલ ૧૩૧ મુજબ સંવિધાનના આરંભ પહેલા થયેલા સંધી કરાર સમજુતી કે કરારનામા જે વિદ્યમાન સમયમાં પણ અમલમાં છે તે વાદગ્રસ્ત પ્રશ્નો બાબતે સર્વોચ્ચ અદાલતને હકુમત નથી તેવો જ કાશ્મીર વિવાદ આજદિન સુધી અનિર્ણિત છે. બંધારણની કલમ ૧૪૩(૨) મુજબ સર્વોચ્ચ અદાલતનો ચુકાદો મેળવી શકાતો નથી. ૨૦૦૨ માં રાજય ચૂંટણીપંચે રાજયમાં ચૂંટણી પંચને રાષ્ટ્રપતિ શાસન લાદવાની સત્તા છે તે મુદ્દે સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ અભિપ્રાય માંગેલ જેમાં સર્વોચ્ચ અદાલતને યોગ્ય આદેશ આપવાની સત્તા છે પરંતુ રાષ્ટ્રપતિ દ્વારા મોકલવામાં આવતા દરેક પ્રશ્નોમાં સર્વોચ્ચ અદાલતને સ્પષ્ટ અભિપ્રાય આપવાનું ફરજીયાત નથી Shall અને May શબ્દની વ્યાખ્યા સ્પષ્ટ કરવામાં આવી નથી. છેવટે દેશ લોકશાહીની ઢબે રાજયસભા, લોકસભા નક્કી કરે તે રીતે ચાલે છે.

# સાહિત્યદીપનો 'સ્નેહોત્સવ'



લાગણીના એક ટેકે આ ગઝલ છે,
આયખામાં પૂર પેટે આ ગઝલ છે.

- ડૉ. ધૈવત શુક્લ

લાગણીના ટેકે લખાયેલી ગઝલ અને એ ઝગલને લખનાર, માણનાર અને બિરદાવનાર એક નાનકડું વોટ્સએપ ગ્રુપ સાહિત્યદીપ ! અને આ વોટ્સએપ ગ્રુપના એડમિન એવા જાણીતા કટાર લેખક પુલક ત્રિવેદીએ એક સુંદર આયોજન દ્વારા એકબીજાની પોસ્ટ લાઈક કરવાવાળા લાઈક માઈન્ડેડ એટલે કે એક સરખો સાહિત્યિક રસ ધરાવનાર લોકોને ભેગા કર્યા. આ 'સ્નેહોત્સવ' એ એક એવો ઉત્સવ બની રહ્યો કે જયાં સાહિત્યની આપ-લે થઈ. આમ આપણે વોટ્સએપ અને ફૅસબુકમાંથી બહાર આવવા તરફ સતત ટકોર કરી રહ્યા છીએ ત્યારે આવા આ સમયમાં વોટ્સએપ ગ્રુપનું આવું અનોખું ગેટ-ટુ-ગેધર યોજાય એ ખૂબ પ્રશંસનીય બાબત ગણાય. આવો આ 'સ્નેહોત્સવ' મનની બેટરીને સુંદર રીતે રીચાર્જ કરવા સક્ષમ છે. ફરજના ભાગરૂપે કે સામાજિક વ્યવહારો જાળવવા ભેગા થવું એ આપણને કંટાળાજનક લાગતું હોય છે પરંતુ, જયારે મનગમતી વાત લઈને મનગમતા લોકોને મળવાનું બને ત્યારે એ ક્ષણ સાચ્ચે જ અદ્ભુત ગણાય. કાર્યક્રમની શરુઆત શ્રીમતી આરતી ત્રિવેદી દ્વારા કુમકુમ અને અક્ષતના તિલક દ્વારા કરવામાં આવ્યું. અને પુષ્પ દ્વારા આવનાર દરેકનું સ્વાગત કરવામાં આવ્યું. આ અને ગરમાગરમ મેથીના ગોટા સાથે કાર્યક્રમની શરૂઆત થઈ.

મનના જમણવાર સમા આ 'સ્નેહોત્સવ'ની શરુઆત કવિ સુરેશ દલાલે અનુવાદિત કરેલ એક ગીત સાથે કરવામાં આવી :

ગીત ગાવું એ મને સહજ છે,
ભીતરની એ મારી ગરજ છે.
મારી તમને એક અરજ છે : ગીત ગાતાં મને રોકો નહીં.
રંગ સુગંધ ને ફૂલોનો વૈભવ :
ફૂલની એ જ નમાજ
તારતારથી જરતી ભક્તિ :
વીણાનો એ જ મિજાજ
ગાવું વહાવું એ મને સહજ છે,
જીવનની એક અરજ છે :
ગીત ગાતાં મને રોકો નહીં.'

મનના ભાવોને મુક્તપણે વ્યક્ત કરવાના આ કાર્યક્રમનું હાર્દ અને રૂપરેખા કવિ અને કટાર લેખક કિશોરભાઈ જીકાદરાએ રજૂ કરી કે જેઓ ગાંધીનગરના ઘરેણા સમા છે. કિશોરભાઈએ તેમના એક શૅરમાં લખ્યું છે :

'તપું છું હું, યથાશક્તિ ભલેને એય પણ તપતો,
હવે હું સૂર્યને મારો હરીફ સ્હેજે નથી ગણતો.'

સાહિત્ય એ એક સંસ્કાર છે અને સાહિત્ય એ એક સંસ્કૃતિ છે અને આવી આ સંસ્કૃતિનું જતન કરવાની ફરજ આપણી સહિયારી છે. કાર્યક્રમની શરુઆત પુસ્તક પુષ્પ દ્વારા ભવેન કચ્છી, શ્રીમતી અનિલા શાહ, ચંદ્રેશ મકવાણા અને પુલક ત્રિવેદીને સન્માનિત કરીને કરવામાં આવી.

ત્યારબાદ 'સાહિત્યદીપ એટલે જીવનનો આફતાફ' : 'જીવન જીતવા કરતા જીવવા જેવું' એ વિષય પર પુલક ત્રિવેદીનું સુંદર વકતવ્ય રજૂ કરવામાં આવ્યું. તેમણે તેમના વકતવ્યમાં જણાવ્યું કે સાહિત્ય અને સંવેદનાને સીધો સંબંધ છે. કોણ કહે છે કે સંબંધો માણસ બનાવે છે. સંબંધ તો આવી રીતે બનતા હોય છે અને પછી સાહિત્યદીપ સ્વરુપે જીવનનો આફતાબ બનતો હોય છે. આ જ તો મોજ છે, મસ્તી છે એને પકડી રાખવાની છે. 'કુંછ તારીખેં બીતતી નહીં, તમામ સાલ બીતને પર ભી' એવી આ વાત છે. તેમણે 'શૂન્ય' પાલનપુરી આ પંક્તિઓથી પોતાની વાતને વિરામ આપ્ય કે :

'પરિચય છે મંદિરમાં દેવોને મારો,
અને મસ્જિદોમાં ખુદા ઓળખે છે.
નથી મારું વ્યક્તિત્વ છાનું કોઈથી,
તમારા પ્રતાપે બધા ઓળખે છે.'

આ આખાયે કાર્યક્રમનું સુંદર સંચાલન મનોજ શુક્લ અને જાણીતા કટાર લેખિકા નેહલ ગઢવી દ્વારા કરવામાં આવ્યું. ગ્રુપના તમામ સભ્યો પોત-પોતાના પરિવાર સાથે જ મંચ પર આવે અને પોતાનો પરિચય તેમજ સાહિત્યની વાતો કરે એવો એક અનોખો પ્રયોગ કરવામાં આવ્યો. ગ્રુપમાં સામેલ વ્યક્તિઓ સુરત, ભાવનગર, પાલનપુર અને અમદાવાદથી ખાસ સમય ફાળવીને આવ્યા અને એકબીજાને રૂબરૂ મળી શક્યાનો આનંદ પામ્યા.

કાર્યક્રમનું ખાસ આકર્ષણ ભવેન કચ્છીના ઉદ્બોધન ઉપરાંત ચંદ્રેશ મકવાણા 'નારાજ', ભાવિન ગોપાણી અને ભાવેન ભટ્ટના મુશાયરો રહ્યું. કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' પણ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

● ભવેન કચ્છી

પુસ્તક... પરબ... અને પ્યાસ

ઈન્ડિયન ફૂડ, કોન્ટિનેન્ટલ ફૂડ પણ 'ફૂડ ફોર થોટ'નું શું ?

બ્રિટનમાં શૌચાલયના કમોડ નજીક જ ખાનામાં પુસાતક ગોઠવાયેલા હોય ! દેશભરમાં 'રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ' ની ઉજવણી થઈ રહી છે. બિલ ગેટ્સ, વોરેન બફેટ, અમિતાભ બચ્ચન, જેક મા થી માંડી મુકેશ અંબાણીને ઈન્ટરવ્યુ દરમિયાન એક પ્રશ્ન એવો પણ પુછાયો હોય છે કે 'તમે હાલ કયું પુસ્તક વાંચી રહ્યા છો?' ભારતનાં મહત્તમ સરેરાશ નાગરિકો સોશિયલ મીડિયામાં ફૂલટાઈમ મોદી તરફી અને મોદી વિરોધીના પ્રચારનો હાથો બનીને કે પછી સુવાક્યો અને જોક્સની આપ-લે માં ગળાડૂબ રહે છે તેઓને પોઈન્ટ બ્લેન્ક પ્રશ્ન પૂછીએ કે 'તમે આજકાલ કયુ પુસ્તક વાંચી રહ્યા છો?' તો અચાનક જ જાણે છોભીલો પાડવાનો આપણો પેંતરો હોય તેમ કહેશે કે 'છોડ ને યાર, આવા અઘરા પ્રશ્ન શું કામ પુછે છે?'

● ચંદ્રેશ મકવાણા, 'નારાજ'

- લૂંણ જેવું જ લાગ્યું સૌને અવતરણ મારું,
સત્યને સત્ય કહ્યું થઈ ગયું જગત ખારું.
- જૂઠને જૂઠ ના કહ્યાંની કોઈ કયાં ચર્ચા ?
સાચને સાચ કહ્યું થઈ ગયું જગદત ખારું
- આપ પથ્થર સમુ હૃદય પામ્યા
એટલે પીડ પર વિજય પામ્યા

● કવિ ભાવેશ ભટ્ટ

- જન્નતના દરવાને કીધું 'પુણ્ય તમારા બહુ ઓછા છે !'
મેં કીધું 'હું કોન્ટિટીમાં નહીં ક્વૉલિટીમાં માનું છું.'

● ભાવિન ગોપાણી

- નીકળી ચર્ચા જો બેકારી ઉપર
તો પડી સૌની નજર મારી ઉપર
- કોઈ મારી આંખ સામે હોય છે
જેમ પડદો હોય છે બારી ઉપર
- એ જ રીતે મારા જીવનમાં તું ભળી
પાનમાં ગુલકંદ સોપારી ઉપર

આ કાર્યક્રમનું ખાસ આકર્ષણ ભવેન કચ્છીના ઉદ્બોધન ઉપરાંત ચંદ્રેશ મકવાણા 'નારાજ', ભાવિન કચ્છી અને ભાવેશ ભટ્ટના મુશાયરો રહ્યું. કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' પણ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સંગીત નાટ્ય અકાદમીના જયોતિષ ભટ્ટ, કેવલ ત્રિવેદી, અંકુર શ્રીમાળી, આઈ.ટી.આઈ.ના પ્રિન્સિપાલ અશોક ત્રિવેદીનો 'ખાસ' સહકાર રહ્યો. તેમજ સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા હોવા છતાં તેમનો સાહિત્યપ્રેમ ઉડીને આંખે વળગે તેવો હતો.

nehalgadhavi101@gmail.com

# રાજકીય પક્ષોના ત્રિપાંખિયા જંગમાં ત્રિશંકુ લોકસભાનાં એંધાણ



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

ભારતીય લોકસભાની આગામી એપ્રિલ-મે દરમિયાન યોજાવાની ૧૭મી ચૂંટણી અનેક દ્રષ્ટિએ નવાજૂની લઈને આવે એવા સંકેતો અત્યારથી મળી રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળના વર્તમાન સત્તારૂઢ મોરચા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ) સામે કોંગ્રેસના વડપણવાળા સંયુક્ત પ્રગતિશીલ જોડાણ (યુપીએ)ને બદલે વિપક્ષોનું એક મહાગઠબંધન હોવા ઉપરાંત અન્ય પ્રાદેશિક પક્ષોનો મોરચો ભલે એનડીએને સત્તામાં આવતાં રોકવા માટે રચાય,પણ ફરીને કેન્દ્ર સરકાર તો પૂંછડિયા ખેલાડીઓના ઈશારે નર્તન કરનારી થવાની શક્યતા વધુ છે. મે ૨૦૧૪માં એનડીએના વડાપ્રધાનપદના ઉમેદવાર મોદીની લોકપ્રિયતાના શઢ પર આરૂઢ થઈને ચૂંટણી જંગમાં ઊતરેલા ભારતીય જનતા પક્ષને એકલેહાથે ૫૪૩માંથી ૨૮૨ બેઠકો મળતાં તેની આગવી બહુમતી હતી.ત્રણ દાયકા પછી કોઈ એક પક્ષને બહુમતી મળ્યાનો એ પ્રસંગ હતો.તેમ છતાં સાથી પક્ષોને સરકારમાં લઈને રચાયેલી સરકારનાં આજે સાડા ચાર વર્ષ વિત્યા પછી ભાજપની એકલેહાથે બહુમતી રહી નથી. કેટલાક સાથી પક્ષો સાથ છોડી ગયા,બટુક પક્ષો સાથે આવ્યા,પેટા ચૂંટણીઓમાં ભાજપી ઉમેદવારો હાર્યા એટલે આજે એની સભ્ય સંખ્યા ૨૬૮ની નીચે સરકી છે. ૩૬ પક્ષો લોકસભામાં સભ્યો ધરાવે છે,પણ એમાંથી ૬ કે ૭ થી વધુ બેઠકો ધરાવનારા તો માત્ર ૧૨ જ છે. ભાજપી મોરચો ૩૫ રાજકીય પક્ષોનો અને મહાગઠબંધન ૨૨ રાજકીય પક્ષોનું ગણાતું ભલે હોય, આવતા દિવસોમાં વિજેતા થઈને લોકસભે આવે તેવા પક્ષો તો સીમિત જ રહેવાના. મે ૨૦૧૯માં રચાનારી લોકસભા દેડકાંની પાંચશેરી જેવી હોવાની શક્યતા વધુ હોવાથી કેટલાક પક્ષોના નેતા તો "જિસ કે તડ મેં લડ્ડુ, ઉસ કે તડ મેં હમ" જેવી અવસ્થામાં હશે. કોંગ્રેસ મહાગઠબંધનનો ભાગ બનશે કે એકલે હાથે લડશે એ અંગે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ દાદી ઈન્દિરા ગાંધીની ઝલક ધરાવતાં બહેન પ્રિયંકાને પક્ષનાં મહામંત્રી બનાવ્યા પછી જવાબદારી ભલે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના ઈલાકા પૂર્વ ઉત્તરપ્રદેશનાં પ્રભારી બનાવ્યાં.. આંધ્ર પ્રદેશમાં કોંગ્રેસે ટીડીપી સાથે જોડાણ રદ કરીને લોકસભા અને વિધાનસભા ચૂંટણી એકલેહાથે લડવાનો સંકલ્પ કર્યો છે.

**૧૯૭૭માં સર્વસત્તાધીશનો પરાજય**

વર્ષ ૧૯૭૫માં અલાહાબાદ હાઈકોર્ટનો ચુકાદો વડાંપ્રધાન શ્રીમતી ગાંધીની વિરુદ્ધમાં આવતાં તેઓ રાજીનામું આપવાનું વિચારતાં હતાં, પણ તેમના પુત્ર સંજય ગાંધી અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સિદ્ધાર્થ શંકર રે, બેરિસ્ટર રજની પટેલ,કાયદા પ્રધાન એચ.આર.ગોખલે અને કોંગ્રેસ પ્રમુખ દેવકાંત બરુઆની કિચન કેબિનેટે એમણે વાર્યાં. ૨૫ જૂને તેમણે ઈમર્જન્સી લાદીને વિપક્ષી નેતાઓને જેલભેગા કરવાનું પસંદ કર્યું.ઈમર્જન્સીના અત્યાચારોનો બદલો માર્ચ ૧૯૭૭માં પ્રજાએ માત્ર કોંગ્રેસને પરાજય આપીને લીધો એટલું જ નહીં,પણ શ્રીમતી ગાંધી અને સંજયને પણ ઉત્તર પ્રદેશની તેમની બેઠકો પરથી હરાવ્યાં. ૫૧.૬૮ ટકા મત સાથે ભાલોદ (જનતા પક્ષ એ પાર્ટીના ચૂંટણી ચિહ્ન પર લડી) ૫૪૨માંથી ૨૯૫ બેઠકો મેળવીને વિપક્ષી મોરચાએ ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યો. કોંગ્રેસને માત્ર ૧૫૪ બેઠકો મળી. જનતા પાર્ટીના શંભુમેળાના નેતામાંથી લોકનાયક જયપ્રકાશ નારાયણ અને આચાર્ય કૃપાલાનીએ નેતા પદે મોરારજી દેસાઈની વરણી કરી અને એમની સરકારમાં બે નાયબ વડાપ્રધાનો ચૌધરી ચરણસિંહ અને બાબુ જગજીવન રામ બન્યા.પહેલી વાર ભાજપના પૂર્વ અવતાર જનસંઘના નેતાઓ કેન્દ્રમાં પ્રધાનપદાં પામ્યા. જોકે આ સંઘ કાશીએ ના ગયો અને મોરારજી સરકારને ઉથલાવવામાં ચરણસિંહને કોંગ્રેસનો સાથ મળ્યો.એ પણ લોકસભામાં વિશ્વાસનો મત લીધા વિના જ રાજીનામું ધરી બેઠા એટલે ૧૯૮૦માં લોકસભાની ચૂંટણી આવી અને ઈન્દિરા ગાંધી ભવ્ય વિજય સાથે સત્તામાં પાછાં ફર્યાં. તેમના પક્ષને ૪૨.૬૯ ટકા મત અને ૫૨૯માંથી ૩૫૩ બેઠકો મળી.

- **ઇન્દિરા ગાંધીના શાસનકાળમાં એવું કહેવાતું હતું કે એમના પ્રધાનમંડળમાં શ્રીમતી ગાંધી એકલાં જ પુરુષ સમોવડાં છે**
- **વરરાજા વિનાની જાનમાં છેવટે મોરારજીની વરણી કરી, બે નાયબ વડાપ્રધાનો ચરણસિંહ અને જગજીવન રામ બન્યા**
- **લાલુપ્રસાદે ભાજપના નેતા આડવાણીની ધરપકડ કરી અને ભાજપે કેન્દ્રને ટેકો પાછો ખેંચી લેતાં વી.પી. સરકાર ડૂલ**
- **મે ૨૦૧૪માં ભારે ગાજવીજ વચ્ચે ભાજપી નેતા મોદી ૩૧.૩૪ ટકા મત સાથે ૨૮૨ બેઠકો મેળવી વડાપ્રધાન થયા**

**ઈન્દિરાની શહાદત, રાજીવનું સત્તારોહણ**

ઈન્દિરા ગાંધીની સત્તાવાપસી પછી તેમના રાજકીય વારસ લેખાતા સાંસદ-પુત્ર સંજયનું વિમાન અકસ્માતમાં મૃત્યુ થયું. વિમાન પાઈલટ રાજીવ ગાંધીએ માતાના રાજકીય સહાયક તરીકે કામ શરુ કર્યું. જોકે પંજાબ સમસ્યા અને ખાલિસ્તાનનું ધૂણતું ભૂત વડાપ્રધાનને ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ ભરખી ગયું. સાંસદ રાજીવ ગાંધીએ વડાપ્રધાનપદના શપથ લીધા. ડિસેમ્બર ૧૯૮૪માં લોકસભાની ચૂંટણીમાં સહાનુભૂતિના મોજાએ ૫૧૪ બેઠકોમાંથી કોંગ્રેસને ૪૦૪ બેઠકો આપી.મત ૪૮.૧૨ % મળ્યા. જોકે રાજીવને બોફોર્સ કાંડની આગ આભડી ગઈ. વી.પી.સિંહ સહિતના સાથીઓ કોંગ્રેસ છોડી ગયા.વર્ષ ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં ૫૨૯ બેઠકોમાંથી કોંગ્રેસને ૩૯.૫૩ ટકા મત સાથે સૌથી વધુ ૧૯૭ બેઠકો મળી તો ખરી,પણ ૧૧.૩૬ ટકા મત અને ૮૫ બેઠકોવાળા ભાજપ અને ૩૩ માર્ક્સવાદીઓના ટેકે, ૧૭.૭૮ ટકા મત મેળવનાર ૧૪૩ બેઠકોવાળા જ.દ.ના વી.પી.સિંહ સરકાર રચવામાં સફળ થયા.સોમનાથ-અયોધ્યા રથયાત્રા દરમિયાન બિહારના જ.દ.ના મુખ્યમંત્રી લાલુપ્રસાદે ભાજપના નેતા લાલકૃષ્ણ આડવાણીની ધરપકડ કરી અને ભાજપે કેન્દ્રને ટેકો પાછો ખેંચી લેતાં વી.પી. સરકાર ડૂલ થઈ. કોંગ્રેસ સમાજવાદી પાર્ટીના ૬૪ સભ્યોના નેતા ચંદ્રશેખરને રાજીવ ગાંધીની કોંગ્રેસનો ટેકો મળતાં એ વડાપ્રધાન બન્યા અને ટેકો પાછો ખેંચાતાં ગબડ્યા ય ખરા.

**નરસિંહરાવ અને બાબરી ધ્વંશ**

વર્ષ ૧૯૯૧ની ચૂંટણીમાં કોંગ્રેસ ભવ્ય વિજય મેળવશે અને વડાપ્રધાનપદે ફરીને રાજીવ ગાંધી આવશે એ નિશ્ચિત લેખાતું હતું ત્યાં જ ચૂંટણી પ્રચાર દરમિયાન જ તમિળ ટાયગર્સે રાજીવની હત્યાને અંજામ આપ્યો એટલે પી.વી. નરસિંહરાવના નસીબ આડેથી પાંદડું ખસી ગયું. એ વડાપ્રધાન બન્યા.૧૯૯૧ની ચૂંટણીમાં ૫૨૧ બેઠકોમાંથી કોંગ્રેસને ૨૩૨, ભાજપને ૧૨૦ અને જનતા દળને ૬૯ બેઠકો મળી. તેમણે મળેલા મત અનુક્રમે ૩૫.૬૬ ટકા,૨૦.૦૪ ટકા અને ૧૧.૭૭ ટકા હતા. ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ અયોધ્યાના વિવાદાસ્પદ બાબરી ઢાંચાને તોડવામાં સંઘ-વિહિપના કાર સેવકોને સફળતા મળી.વર્ષ ૧૯૯૬માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં એનો ભાજપને ફાયદો મળ્યો.૨૦.૨૯ ટકા મત સાથે ૧૬૧ બેઠકો ભાજપને મળી.કોંગ્રેસને ૨૮.૮૦ ટકા મત મળ્યા પણ બેઠકો માત્ર ૧૪૦ મળી.જનતા દળને ૮.૦૮ ટકા મત સથે ૪૬ બેઠકો મળી, પણ આ ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોને ૧૨૯ બેઠકો મળતાં સરકાર બનાવવાની ચાવી તેમના હાથમાં ગઈ. ભાજપના નેતા અટલ બિહારી વાજપેયીની વડાપ્રધાન થવાની હોંશ ૧૯૯૬માં પૂરી થઈ,પણ માત્ર ૧૩ દિવસ માટે. એમના પછી એચ.ડી.દેવે ગોવડા અને આઈ.કે. ગુજરાલની સરકાર આવી અને ગઈ.

**વાજપેયીયુગ પછી મનમોહનયુગ**

વર્ષ ૧૯૯૮માં લોકસભાની ચૂંટણીમાં ભાજપને ૨૫.૫૯ ટકા મત અને ૫૪૩ બેઠકોમાંથી ૧૮૨ બેઠકો મળી અને ૨૪ પક્ષોના એનડીએના

અનુસંધાન પાના નં ૭ પર